**GJJM020024042021**

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૧/૦૨/૨૦૨૧ | | |
| રજી. તારીખ | ૧૧/૦૨/૨૦૨૧ | | |
| નિકાલ તારીખ | ૧૨/૦૮/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૫ | ૦૬ | ૦૧ |

सत्यमेव जयते

ના.સુપ્રીમ કોર્ટના SUO MOTO Writ (Cri) No. (s) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર–VI ના 179A અન્વયેના નોટીફીકેશન નંબર: સી–૨૦૦–૯૩, તા.૨૦/૫/૨૦૨૨ ના ઠરોલ પ્રફોર્મા મુજબ.

**FORM–A**

---

**જામનગરના મે. ત્રીજા એડીશ્નલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુકામ:– જામનગર.**

---

**ડો. રિધ્ધિમા વિજેન્દ્ર જૌહરી, ૩જા એડીશ્નલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, જામનગર.**

**ચુકાદાની તારીખ:–૧૨/૦૮/૨૦૨૬**

**ફોજદારી કેસ નંબર:–૧૮૯૯/૨૦૨૧**

જામનગર સીટી એ ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં.:–૧૧૨૦૨૦૫૭૨૨૦૫૧૬/૨૦૨૨

આઇ.પી.સી. કલમ:–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબ

આંક:–

## એફ.આઈ.આર.ની વિગતો/ ગુના અને પોલીસ સ્ટેશન::–

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| પ્રતિનિધિત્વ | વિ.એ.પી.પી.શ્રી બી.એમ.નીનામા. |
| આરોપી | (૧) રીઝવાન રફીકભાઇ દાલ,<br>જાતે: સંધી, ઉ.વ.૩૨, ધંધો: ડ્રાઈવીંગ,<br>રહે. તારમામદ સોસાયટી રોજી સ્કુલ પાસે યુસુફભાઇ પાણવાળાની દુકાન પાસે,<br>જામનગર.<br>(૨) બસીર અલ્લારખા હાલા,<br>જાતે: સંધી, ઉ.વ.૪૨, ધંધો: ડ્રાઈવીંગ,<br>રહે. કા.નાકા બહાર એસ.ટી.ડીવીઝન સામે,<br>જુમમાભાઇ ખફીના મકાનમાં, જામનગર. |
| પ્રતિનિધિત્વ | આરોપી તરફે વિ.વકીલશ્રી એ.એચ.સમા. |

## FORM – B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ:– | ૦૩/૦૭/૨૦૨૦ |
| એફ.આઇ.આરની. તારીખ:– | ૦૩/૦૭/૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ:– | ૩૧/૦૮/૨૦૨૦ |
| ચાર્જ/પ્લી ફરમાવ્યા તારીખ:– | ૧૦/૦૮/૨૦૨૧ |
| પુરાવો શરૂ કર્યા તારીખ:– | ૨૮/૧૨/૨૦૨૧ |
| હુકમ માટે રાખવામાં આવેલ તારીખ:– | ૧૨/૦૮/૨૦૨૬ |
| હુકમ તારીખ:– | ૧૨/૦૮/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | – |

## Accused Details:

| આરો | આરોપી | ધરપકડ | જામીન | ગુનો | નિર્દોષ | શું સજા | ક્રિ.પ્રો |
|---|---|---|---|---|---|---|---|

| પીનો ક્રમ | નું નામ | તારીખ | મુકત કર્યા તારીખ | | છોડવા માં આવ્યા કે કસુરવા ર? | કરી? | .કો.ન ી કલમ – ૪૨૮ મુજબ કાચા કામ તરીકે સમય ગાળા ની વિગત ો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રીઝવાન રફીકભાઈ દાલ | --- | --- | આઇ.પી.સી. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટ કલમ–૧૩૫(૧) મુજબ | નિર્દોષ છોડયા | | |
| ૨. | બસીર અલ્લાર ખા હાલા | --- | --- | | નિર્દોષ છોડયા | | |

# FORM – C

**ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ:–**

**(એ) ફરીયાદ પક્ષ તરફે:–**

**–:: ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો::–**

| અ.નં. | સાહેદનું નામ: | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | સલમાનભાઈ યાકુબભાઈ પઠાણ | પંચ સાહેદ | ૧૪ |
| ૨. | ઈમરાનભાઈ હનીફભાઈ વાલુકરા | ફરીયાદી | ૧૬ |
| ૩. | રાજ નાથાભાઈ વાઘેલા | પંચ સાહેદ | ૨૯ |
| ૪. | મહમદભાઈ હસનભાઈ સમા | પંચ સાહેદ | ૩૦ |
| ૫. | મોહસીનભાઈ હનીફભાઈ વાલુકડા | સાહેદ | ૩૫ |
| ૬. | એઝાઝભાઈ મહમદ રફીકઅબ્દુલ વાહેદ | સાહેદ | ૪૦ |
| ૭. | મહમદ રફીકઅબ્દુલ વાહેદ | સાહેદ | ૪૧ |
| ૮. | ગુલામભાઈ આમદભાઈ સુરંગી | સાહેદ | ૪૭ |
| ૯. | જાવેદભાઈ કાસમભાઈ વજગોળ | ચા.ક.અ. | ૫૮ |
| ૧૦. | ડો.તારીક યાસીનભાઈ બ્લોચ | સાહેદ | ૬૭ |

**(બી) બચાવ પક્ષ તરફે:–**

| અ.નં. | સાહેદનું નામ: | વિગત | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**(સી) કોર્ટ સાહેદો તરફે:–**

| અ.નં. | સાહેદનું નામ: | વિગત | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**(એ) ફરીયાદ પક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઓ:–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાનું પંચનામું. | ૧૫ |

| | | |
|---|---|---|
| ૨. | ફરીયાદ. | ૨૧ |
| ૩. | શરીર સ્થિતિનું પંચનામું. | ૩૧ |
| ૪. | જાહેરનામું. | ૫૯ |
| ૫. | ઇન્જરી સર્ટી. | ૬૮ |
| ૬. | કેસ પેપર્સ. | ૬૯ |
| ૭. | પોલીસ યાદી. | ૭૦ |
| ૮. | એકસ–રે ના રીપોર્ટની કાપલી. | ૭૧ |

## (બી) બચાવ પક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવાઓ:–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવાઓ:–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ સલમાનભાઈ યાકુબભાઈ પઠાણ ની જુબાની. | ૧૪ |
| ૨. | બનાવવાળી જગ્યાનું પંચનામું. | ૧૫ |
| ૩. | ફરીયાદી ઇમરાનભાઇ હનીફભાઇ વાલુકરા ની જુબાની. | ૧૬ |
| ૪. | ફરીયાદ. | ૨૧ |
| ૫. | પંચ સાહેદ રાજ નાથાભાઇ વાઘેલા ની જુબાની. | ૨૯ |
| ૬. | પંચ સાહેદ મહમદભાઇ હસનભાઇ સમા ની જુબાની. | ૩૦ |
| ૭. | શરીર સ્થિતિનું પંચનામું. | ૩૧ |
| ૮. | સાહેદ મોહસીનભાઇ હનીફભાઇ વાલુકડા ની જુબાની. | ૩૫ |
| ૯. | સાહેદ એઝાઝભાઇ મહમદ રફીકઅબ્દુલ વાહેદ ની જુબાની. | ૪૦ |
| ૧૦. | સાહેદ મહમદ રફીકઅબ્દુલ વાહેદ ની જુબાની. | ૪૧ |
| ૧૧. | સાહેદ ગુલામભાઇ આમદભાઇ સુરંગી ની જુબાની. | ૪૭ |
| ૧૨. | ચા.ક.અ. જાવેદભાઇ કાસમભાઇ વજગોળ ની | ૫૮ |

| | | |
|---|---|---|
| | જુબાની. | |
| ૧૩. | જાહેરનામું. | ૫૯ |
| ૧૪. | સાહેદ ડો.તારીક યાસીનભાઇ બ્લોચ ની જુબાની. | ૬૭ |
| ૧૫. | ઇન્જરી સર્ટી. | ૬૮ |
| ૧૬. | કેસ પેપર્સ. | ૬૯ |
| ૧૭. | પોલીસ યાદી. | ૭૦ |
| ૧૮. | એકસ–રે ના રીપોર્ટની કાપલી. | ૭૧ |

## મુદ્દામાલની વિગત::–

**(ડી) મુદ્દામાલ પાવતી નં.:–**

| અ.નં. | આર્ટીકલ નંબર: | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧૦૭/૨૦૨૦ | પાવડાના હાથા ફીટ કરવાના ગોળ ધોકા તથા એક બાજુ છે કે જાડુ ગોળ તથા સામેના બીજે છે કે પાતળુ ગોળ કિનારે છે તે વ્હાઇટ કલરનો જેની લંબાઇ આશરે ૭૨ સે.મી. છે તે. |
| ૨. | ૧૦૭/૨૦૨૦ | જે પાવડાના હાથા ફીટ કરવાના વ્હાઇટ કલરનો ગોળ ધોકો જે એકબાજુ ગોળ તથા સામેની બીજે છે કે પાતળુ ગોળ કિનારે આવેલ છે તેની લંબાઇ ૭૨ સે.મી. ની છે તે એક. |

## ::–ચુકાદો–::

**૧.** સીટી એ ડીવી. પોલીસ સ્ટેશન ગુ.ર.નં.:– ૧૧૨૦૨૦૫૭૨૨૦૫૧૬/૨૦૨૨ ની તપાસના અંતે તપાસના કરનાર અધિકારી ધ્વારા આવશ્યક આઇ.પી.સી. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરવામાં આવે છે.

**૨. કેસની ટૂંકી હકીકત:–**

હાલના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના

આરોપીએ તા.૦૩/૦૭/૨૦૨૦ ના ક.૧૭:૦૦ મહાપ્રભુજી બેઠક પાસે ઈન્ડીયન ફર્નીચર પાસે આ કામના ફરીયાદીને અગાઉ મેંગલોર ખાતે ઝઘડો થયેલ હોય જે બાબતેનો ખાર રાખી ફરીયાદીને જેમફાવે તેમ ગાળો કાઢી લાકડાના ધોકા વડે ફરીયાદીના બંને પગમાં માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરતાં, આઈ.પી.સી. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો નોંધેલ અને તપાસના અંતે ત.ક.અ. એ આ અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ રજુ કરેલ છે.

**૩.** ઉપર મુજબનું ચાર્જશીટ આઠમા એડિશ્નલ સિનિયર સિવિલ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં, જામનગરશ્રીએ ક્રિમિનલ કેસ નં.૧૮૯૯/૨૦૨૧ થી રજીસ્ટરે લઈ અત્રેની કોર્ટમાં ન્યાયીક કાર્યવાહી ચલાવવા તબદિલ કરવામાં આવેલ છે.

**૪.** આ કામે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૦૭ મુજબ આરોપીઓને પોલીસ તપાસના કાગળો આપવામાં આવેલા છે, અને તે મળ્યા બદલની ખાતરી કરવામાં આવેલ છે.

**૫.** આ કામે અત્રેની કોર્ટ ધ્વારા ઉપરોકત ગુના અન્વયે આંક–૦૬ થી તહોમતનામું ફરમાવી, આરોપીએ તહોમતનામું સમજીને, આરોપીની પ્લી અનુક્રમે આંક–૦૭ તથા આંક–૦૮ થી રેકર્ડ કરવામાં આવેલ બાદ સદર તહોમતનામાં અન્વયેના ગુનાનો ઈન્કાર કરી, કામ આગળ ચલાવવાની માંગણી કરતા ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**૬.** ફરીયાદપક્ષે સદરહું ઈન્સાફી કાર્યવાહીમાં ફોર્મ " સી " મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**૭.** ફરીયાદપક્ષ તરફે આ સીવાય અન્ય કોઈ મૌખિક કે લેખીત દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોય એ.પી.પી.ની મૌખિક વિનંતીથી પુરાવો બંધ કરેલ છે. તેમજ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નીવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતા આરોપીનું વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે. જેમાં અમો નિર્દોષ છીએ અમોએ કોઇ ગુનો કરેલ નથી. આ કેસમાં અમોને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે.

૮. ઉપરોકત હકીકતના આધારે ફરીયાદપક્ષનો કેસ, આરોપીનો બચાવ તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવાને ધ્યાનમાં આ કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થયેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૩/૦૭/૨૦૨૦ ના ક.૧૭:૦૦ મહાપ્રભુજી બેઠક પાસે ઈન્ડીયન ફર્નીચર પાસે આ કામના ફરીયાદીને અગાઉ મેંગલોર ખાતે ઝઘડો થયેલ હોય જે બાબતેનો ખાર રાખી ફરીયાદીને જેમફાવે તેમ ગાળો કાઢી લાકડાના ધોકા વડે ફરીયાદીના બંને પગમાં માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરતાં, આઈ.પી.સી. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

**૯.** ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**<u>–:: નિર્ણયો ::–</u>**

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

**૧૦. મુદા નં.૧ :–**

**૧૧.** ઉપરોકત મુદાના નં.૧,૨ ની હકીકત એકબીજા સાથે સંકળાયેલ હોય પુરાવાની પુનરોકિત નિવારવાના હેતુથી બંને મુદાની ચર્ચા નીચે મુજબ એકીસાથે કરવામાં આવેલ છે ફરીયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપો રહેલ તે આક્ષેપોની કાયદાકિય જોગવાઈઓ વંચાણે લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**કલમ–૩૨૩:– <u>સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા માટે શિક્ષા</u>:–**

જે કોઈ વ્યક્તિ કલમ–૩૩૪ માં જણાવેલ સંજોગોમાં હોય તે સિવાય સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ પણ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીની દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**કલમ–૩૩૪:– <u>ઉશ્કેરાટના કારણે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત</u>:–**

જે કોઈ વ્યક્તિ ગંભીર અને ઓચિંતા ઉશ્કેરાટને કારણે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે તેને જો ઉશ્કેરાટનું કારણ આપનાર સિવાયની અન્ય વ્યક્તિને વ્યથા કવાના પોતાનો ઈરાદો ન હોય અથવા તે વ્યક્તિએ વ્યથા થવાનો સંભવ હોવાનું પોતે જાણતી ન હોય તો તેને એક મહિના સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**કલમ–૫૦૪:– <u>સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા બાબત</u>:–**

ઉશ્કેરાઇ જઇને કોઇ વ્યક્તિ જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અથવા કોઇ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઇ વ્યક્તિ જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે અથવા કોઇ ગુનો કરી બેસશે એવો સંભવ હોવાનું જાણવા છતાં જે કોઇ વ્યક્તિ ઈરાદાપૂર્વક બીજી કોઇ વ્યક્તિનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**કલમ–૫૦૬(૨):– <u>ગુનાહિત ધમકી માટેની શિક્ષા</u>:–**

જે કોઇ વ્યક્તિ ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય તો

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઇ મિલકતનો નાશ કરવાની અથવા મોતની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય અથવા કોઇ સ્ત્રી ઉપર ચારિત્રયહીનતાનું આળ મૂકવાનુ હોય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**કલમ–૧૧૪:– ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરી:–**

પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરિણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઇ વ્યક્તિ શિક્ષાને પાત્ર થાય એવું કૃત્ય પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

**જી.પી.એકટ કલમ–૧૩૫(૧):– <u>કલમ–૩૭, ૩૯, કે ૪૦ ના નિયમ</u>**

<u>ભંગ કે હુકમ ભંગની શિક્ષા અંગે</u>:–

આ કાયદાની કલમો–૩૭, ૩૯, કે ૪૦ મુજબ કાયદાકીય રીતે કરવામાં આવેલા કોઇ પણ આદેશનું પાલન ન કરનાર અથવા તેના પાલન ન કરવામાં મદદગારી કરનારને ગુનો પુરવાર થયેથી નીચે પ્રમાણેની શિક્ષા થશે.

(૧) આ કાયદા મુજબ જે હુકમનું પાલન કરવામાં ન આવ્યુ હોય કે જેના પાલન ન કરવામાં મદદગારી કરવામાં આવી હોય તે હુકમનો આ કાયદામાં હોય તે હુકમ જો આ કાયદાની કલમ–૩૭ ની પેટા કલમ (૧) મુજબ કે તે આ કાયદાની કલમ–૩૯ કે ૪૦ મુજબ કરવામાં આવેલ હોય તો તેને એક વર્ષની મુદત સુધીની કેદની પણ તે શિક્ષા લેખિત કારણો આપ્યા હોય તે સિવાય ચાર માસથી ઓછી હોવી જોઇએ નહી અને તે દંડને પાત્ર પણ થશે.

**૧૨.** આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫(૧) હેઠળ આક્ષેપો કરવામાં આવેલ છે. તેથી સૌપ્રથમ સદર કલમોના આવશ્યક કાયદાકીય ઘટકો ધ્યાનમાં લેવા જરૂરી છે.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩** અંગે, આરોપીએ સ્વેચ્છાપૂર્વક કોઈ વ્યક્તિને “વ્યથા” પહોંચાડેલ હોવી આવશ્યક છે. એટલે કે, ફરિયાદીને શારીરિક પીડા, રોગ અથવા અશક્તિ પહોંચાડવામાં આવી હોય અને તે કૃત્ય આરોપીએ જાણપૂર્વક અથવા સ્વેચ્છાપૂર્વક કરેલું હોવું જરૂરી છે. માત્ર ઈજા થયેલી હોવાનું સાબિત થવાથી આરોપીની ઓળખ અને તે ઈજા આરોપીના કૃત્યથી જ થઈ હોવાનું પણ નિશંકપણે સાબિત થવું આવશ્યક છે.

**કલમ–૫૦૪** હેઠળ માત્ર ગાળો આપવી અથવા અપમાન કરવું પૂરતું નથી. ફરિયાદપક્ષે સાબિત કરવાનું રહે છે કે આરોપીએ ફરિયાદીનું **ઈરાદાપૂર્વક અપમાન** કર્યું હતું અને તે રીતે અપમાન કરીને

એવી ઉશ્કેરણી આપી હતી કે જેથી જાહેર સુલેહ–શાંતિનો ભંગ થાય અથવા કોઈ ગુનો થઈ બેસે, અથવા આરોપીને તેવી પરિસ્થિતિ ઊભી થવાની શક્યતાની જાણ હતી. તેથી અપમાનના ચોક્કસ શબ્દો, તેની પરિસ્થિતિ અને આવશ્યક ઈરાદો અથવા જાણકારી પુરાવાથી સ્થાપિત થવા જરૂરી છે.

**કલમ–૫૦૬(૨)** માટે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૩ મુજબનું "ગુનાહિત ધમકી"નું કૃત્ય પ્રથમ સાબિત થવું જરૂરી છે. આરોપીએ વ્યક્તિના શરીર, પ્રતિષ્ઠા અથવા મિલકત અંગે નુકસાન કરવાની ધમકી આપી હોય અને તે ધમકી ફરિયાદીમાં ભય/ચિંતા ઉત્પન્ન કરવાના અથવા તેને કોઈ એવું કાર્ય કરવા કે ન કરવા મજબૂર કરવાના ઈરાદાથી આપવામાં આવી હોય તે સાબિત થવું જરૂરી છે. જ્યારે આક્ષેપ મૃત્યુ અથવા ગંભીર ઈજા કરવાની ધમકીનો હોય ત્યારે કલમ–૫૦૬(૨) લાગુ પડે છે. તેથી માત્ર "જાનથી મારી નાખવાની ધમકી આપી" એવી સામાન્ય રજૂઆત પૂરતી નથી; ધમકી, તેના શબ્દો, સંદર્ભ, આરોપીની મનોદશા તથા ફરિયાદી ઉપર તેનો કાયદાકીય પ્રભાવ વિશ્વસનીય પુરાવાથી સ્થાપિત થવો આવશ્યક છે.

**કલમ–૧૧૪** અંગે, આરોપી દ્વારા દુષ્પ્રેરણ થયેલ હોવું અને જે કૃત્ય માટે તેને દુષ્પ્રેરક તરીકે જવાબદાર ઠેરવવાનો હોય તે કૃત્ય કરવામાં આવે તે સમયે તે આરોપી સ્થળ પર હાજર હોવો જરૂરી છે. તેથી માત્ર ઘટનાસ્થળે હાજરી અથવા આરોપી સામે કરવામાં આવેલ સામાન્ય આક્ષેપથી કલમ–૧૧૪ના ઘટકો આપોઆપ પૂર્ણ થતા નથી; દુષ્પ્રેરણ અને તે સાથે સંબંધિત હાજરી બંને સાબિત થવા જરૂરી છે.

**ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫(૧)** માટે, પ્રથમ તબક્કે કલમ–૩૭, ૩૯ અથવા ૪૦ હેઠળનો કાયદેસર અને અમલમાં રહેલો પ્રતિબંધાત્મક હુકમ અસ્તિત્વમાં હતો તે સાબિત થવું જરૂરી છે. ત્યારબાદ આરોપીએ એવો હુકમ જાણતા હોવા છતાં તેનું ઉલ્લંઘન કર્યું

અથવા તેના ઉલ્લંઘનમાં મદદગારી કરી તે બાબત પણ નિશંકપણે સાબિત થવી જરૂરી છે. માત્ર જાહેરનામું અસ્તિત્વમાં હોવાનું દર્શાવવાથી આરોપી દ્વારા તે હુકમનો ભંગ થયો હોવાનું આપમેળે સાબિત થતું નથી.

**૧૩.** આંક–૧૬ થી ફરિયાદી ઇમરાનભાઈ હનીફભાઈ વાલુકરાની જુબાની નોંધવામાં આવેલ છે અને તેમની ફરિયાદ આંક–૨૧થી પુરાવામાં રજૂ થયેલ છે. ફરિયાદી જણાવે છે કે બનાવ મહાપ્રભુજી બેઠક પાસે ઈન્ડિયા ફર્નિચર/ઓફિસ પાસે બનેલ હતો અને બંને આરોપીઓ ધોકા લઈને આવી તેને પગ તથા સાથળના ભાગે માર માર્યો હતો. વધુમાં બંને આરોપીઓએ "જામનગરમાં રહેવું હોય તો અમારી સાથે સરખું રહેવું પડશે" તેમ જણાવ્યું હોવાનું પણ જણાવે છે. આ રીતે ફરિયાદી આરોપીઓની હાજરી અને માર મારવાની બાબત અંગે સીધો આરોપ મૂકે છે. પરંતુ તેમની જુબાનીનું મૂલ્યાંકન માત્ર સરતપાસ સુધી મર્યાદિત રાખી શકાય નહીં અને ઉલટતપાસમાં આવેલી મહત્વની સ્વીકૃતિઓ તથા ફરિયાદ સાથેના તફાવતો પણ ધ્યાનમાં લેવા જરૂરી છે.

ફરિયાદીની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારવામાં આવેલ છે કે બનાવનું સ્થળ ગીચ વસ્તીવાળો વિસ્તાર છે અને આજુબાજુ ઘણા મકાનો તથા ઓફિસો આવેલ છે. તેમ છતાં બનાવ બન્યા પછી આજદિન સુધી તેમને કોઈએ ધમકી આપી નથી. વધુમાં, ફરિયાદમાં આરોપીઓએ કઈ ચોક્કસ ગાળો આપી તે લખાવવામાં આવેલ નથી. ફરિયાદી પોતે સ્વીકારે છે કે ફરિયાદમાં "જામનગરમાં રહેવું હોય તો અમારી સાથે સરખું રહેવું પડશે" એવા શબ્દો લખાવેલા નથી. આ ઉપરાંત, ફરિયાદમાં પ્રથમ બસીર આવ્યો અને ત્યારબાદ રીઝવાન આવ્યો હોવાનું લખાયેલ નથી. ફરિયાદમાં પાઈપ વડે માર મારવામાં આવ્યો હોવાનું પણ લખાયેલ નથી અને સાથળના ભાગે ઈજા થયેલી

હોવાનું પણ ફરિયાદમાં દર્શાવાયેલ નથી.

ઉપરોક્ત બાબતોને માત્ર સામાન્ય અથવા નગણ્ય વિસંગતિ કહી શકાય નહીં. આરોપીઓને કયા રીતે અને કયા હથિયારથી માર મારવામાં આવ્યો, ફરિયાદીને કયા ભાગે ઈજા થઈ અને કયા શબ્દોમાં ધમકી આપવામાં આવી જેવી બાબતો બનાવના મૂળ સ્વરૂપ સાથે સીધી રીતે સંકળાયેલી છે. તેથી ફરિયાદમાં આ બાબતોનો અભાવ અને કોર્ટ સમક્ષ પ્રથમ વખત તેનું વિસ્તૃત વર્ણન કરવામાં આવવું ફરિયાદીની જુબાનીની વિશ્વસનીયતા અંગે સાવચેતીપૂર્વક વિચારવાનું કારણ બને છે.

ફરિયાદી વધુમાં સ્વીકારે છે કે તે, આરોપીઓ અને ફરિયાદીના ભાઈ વચ્ચે અગાઉથી ધંધાકીય ઓળખાણ અને વ્યવહાર હતા. મંગલોર ખાતે ફરિયાદીના ભાઈ અને આરોપી રીઝવાન વચ્ચે ઝઘડો થયેલો હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવે છે. આ પરિસ્થિતિ ફરિયાદપક્ષની કથિત ઘટનાની પૃષ્ઠભૂમિ દર્શાવે છે, પરંતુ તે પોતે આરોપીઓની દોષિતતા સાબિત કરતી નથી. વિપરીત રીતે, અગાઉના વ્યવહાર તથા વિવાદને ધ્યાનમાં લેતાં ફરિયાદીના પુરાવાનું વધુ સાવચેતીથી મૂલ્યાંકન કરવું જરૂરી બને છે.

**૧૪.** આંક–૧૪ થી પંચ સાક્ષી સલમાનભાઈ યાકુબભાઈ પઠાણની જુબાની નોંધવામાં આવેલ છે. તેઓ બનાવસ્થળના પંચનામા આંક–૧૫ પર પોતાની સહી ઓળખે છે, પરંતુ સ્પષ્ટપણે જણાવે છે કે પોલીસ દ્વારા તૈયાર કરેલા કાગળ પર તેમની સહી લેવામાં આવી હતી અને તેમની રૂબરૂ કોઈ કાર્યવાહી થયેલ નથી. તેઓ આરોપીઓને ઓળખતા નથી તથા તેમના રૂબરૂ બનાવસ્થળનું કોઈ વર્ણન કરવામાં આવ્યું નથી. ઉલટતપાસમાં પણ તેઓ તૈયાર પંચનામામાં સહી કરાવ્યાની હકીકત સ્વીકારે છે.

**૧૫.** આંક–૨૯ ના પંચ સાક્ષી રાજનાથાભાઈ વાઘેલા પણ આંક–૧૫ના પંચનામા પર પોતાની સહી ઓળખાવે છે, પરંતુ પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી. તેઓ જણાવે છે કે માત્ર તૈયાર પંચનામામાં સહી કરાવવામાં આવી હતી અને તેમની રૂબરૂ કોઈ ઇસમ હાજર હોય કે કોઈ કાર્યવાહી થયેલ હોય તેવું નથી.

**૧૬.** આંક–૩૦ ના પંચ સાક્ષી મહંમદભાઈ હસનભાઈ સમા દ્વારા આંક–૩૧ ના આરોપીઓના શરીરસ્થિતિ તથા મુદ્દામાલ કબજે કરવાના પંચનામાની સહી ઓળખાવવામાં આવે છે, પરંતુ તેઓ પણ પોલીસ દ્વારા તૈયાર કાગળમાં સહી કરાવ્યાનું જણાવે છે અને તેમની રૂબરૂ કોઈ મુદ્દામાલ રજૂ થયેલ હોવાનું નકારી કાઢે છે. આથી આંક–૧૫ તથા આંક–૩૧ ના પંચનામાઓના મૂળભૂત તથ્યોને સ્વતંત્ર પંચ સાક્ષીઓ દ્વારા સમર્થન પ્રાપ્ત થતું નથી.

**૧૭.** આંક–૩૫ થી મોહસીનભાઈ હનીફભાઈ વાલુકડાની જુબાની છે. તેઓ ફરિયાદીના ભાઈ છે. તેઓ બનાવ સમયે સ્થળ પર હાજર ન હતા. તેઓને બનાવની જાણ થયા બાદ સ્થળે જઈ ફરિયાદીને હોસ્પિટલ લઈ ગયા હોવાનું જણાવે છે. ઉલટતપાસમાં તેઓ સ્પષ્ટપણે સ્વીકારે છે કે બનાવ સમયે તેઓ ત્યાં હાજર ન હતા અને ફરિયાદી તેમના ભાઈ હોવાથી તેમના સમર્થનમાં ખોટી જુબાની આપતા હોવાનું જણાવે છે. તેથી તેમનો પુરાવો હુમલો નજરે જોયાનો પુરાવો નથી અને આરોપીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો તે બાબતે સ્વતંત્ર સમર્થન પૂરો પાડતો નથી.

**૧૮.** આંક–૪૦ ના સાક્ષી એઝાઝભાઈ મહમદ રફીકઅબ્દુલ વાહેદ ફરિયાદીના બનેવી છે. તેઓ બનાવ સમયે સ્થળ પર હાજર નહોતા. ફરિયાદીનો ફોન આવ્યા બાદ તેઓ હોસ્પિટલ પહોંચ્યા અને ફરિયાદીના પગમાં ઈજા જોઈ હોવાનું જણાવે છે. પરંતુ ઉલટતપાસમાં

તેઓ સ્પષ્ટ સ્વીકારે છે કે તેમને બનાવ અંગે અંગત માહિતી નથી અને તેમણે બનાવ નજરે જોયો નથી.

**૧૯.** આંક–૪૧ ના સાક્ષી મહમદ રફીકઅબ્દુલ વાહેદ ફરિયાદીના સસરા છે. તેઓ પણ બનાવની કોઈ જાતમાહિતી ધરાવતા નથી અને કયા આરોપી સાથે શું બનાવ બન્યો તેની તેમને જાણ નથી. તેઓ ફરિયાદપક્ષની ઘટનાને સમર્થન આપતા નથી. આંક–૪૭ના સાક્ષી ગુલામભાઈ આમદભાઈ સુરંગી પણ બનાવ અંગે કશું જાણતા નથી અને પોલીસે પોતાનું નિવેદન લીધું હોવાનું પણ નકારે છે. આમ, આ સાક્ષી પાસેથી પણ ફરિયાદપક્ષના કેસને કોઈ સ્વતંત્ર સમર્થન પ્રાપ્ત થતું નથી. આમ, ફરિયાદીને સમર્થન આપવા રજૂ કરાયેલા અન્ય સાક્ષીઓમાં કોઈપણ એવો સ્વતંત્ર પ્રત્યક્ષદર્શી સાક્ષી નથી જે બંને આરોપીઓ દ્વારા ફરિયાદીને માર મારતા નજરે જોયો હોય.

**૨૦.** આંક–૫૮ થી તપાસ કરનાર અધિકારી જાવેદભાઈ કાસમભાઈ વજગોળની જુબાની નોંધવામાં આવેલ છે. તેઓ ફરિયાદ નોંધાવવાની, તપાસ હાથ ધરવાની, સ્થળ પંચનામું કરાવવાની, સાક્ષીઓના નિવેદનો લેવાની, આરોપીઓના શરીરસ્થિતિના પંચનામા તથા મુદ્દામાલ કબજે કરવાની કાર્યવાહી અંગે જણાવે છે. તેઓ આંક–૨૧ ફરિયાદ, આંક–૧૫ સ્થળ પંચનામું, આંક–૩૧ શરીરસ્થિતિ તથા મુદ્દામાલ કબજાનું પંચનામું અને આંક–૫૯ જાહેરનામું ઓળખાવે છે.

પરંતુ ઉલટતપાસમાં તપાસ અધિકારી સ્વીકારે છે કે બનાવસ્થળ ગીચ વસ્તીવાળો વિસ્તાર હોવા છતાં આજુબાજુની દુકાનો, ગેરેજ તથા રહેવાસીઓના નિવેદનો લેવામાં આવ્યા નથી. તેઓ એ પણ સ્વીકારે છે કે આરોપીઓને સ્થળ પરથી અટક કરવામાં આવ્યા ન હતા પરંતુ નોટિસ આપી પોલીસ સ્ટેશને બોલાવવામાં

આવ્યા હતા.

તપાસ અધિકારી વધુમાં સ્વીકારે છે કે ફરિયાદમાં પાઈપ વડે માર મારવાનો ઉલ્લેખ નથી, “જામનગરમાં રહેવું હોય તો અમારી સાથે સરખું રહેવું પડશે” એવા શબ્દો નથી, ફરિયાદી બેઠા હતા અને આરોપીઓએ આવીને સીધો માર માર્યો તે હકીકત નથી તથા સાથળના ભાગે ઈજાનો ઉલ્લેખ નથી. આ સ્વીકૃતિઓ ફરિયાદીની કોર્ટ જુબાનીમાં થયેલા મહત્વના વિસ્તરણ સાથે સીધી રીતે સંબંધિત છે.

આથી, તપાસ અધિકારીની જુબાની આરોપીઓની ઓળખ અને ગુનાની હકીકતને સ્વતંત્ર રીતે સાબિત કરતી નથી; તે મુખ્યત્વે તપાસમાં કરવામાં આવેલી કાર્યવાહી અને દસ્તાવેજોની ઓળખ પૂરતી મર્યાદિત રહે છે.

**૨૧.** આંક–૬૭ થી ડૉ.તારીક યાસીનભાઈ બ્લોચની જુબાની નોંધવામાં આવેલ છે અને ઈન્જરી સર્ટિફિકેટ આંક–૬૮, કેસ પેપર્સ આંક–૬૯, પોલીસ યાદી આંક–૭૦ તથા એક્સ–રે રિપોર્ટ આંક–૭૧થી રજૂ થયેલ છે. ડોક્ટર મુજબ ફરિયાદીને ડાબા ઘૂંટણ ઉપર tenderness, ડાબી હથેળી ઉપર tenderness તથા ડાબા પગના પંજા ઉપર આશરે ૪ સે.મી.નો abrasion હતો. ઈજાઓ સામાન્ય પ્રકારની હતી અને કઠણ તથા બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી. એક્સ–રે સામાન્ય આવેલ હોવાનું પણ તબીબી પુરાવામાં આવે છે.

પરંતુ તબીબી પુરાવાની મર્યાદા પણ એટલી જ મહત્વની છે. ડોક્ટર ઉલટતપાસમાં સ્પષ્ટ કરે છે કે કયા આરોપીએ શરીરના કયા ભાગે લાકડાના ધોકાથી ઈજા પહોંચાડી તે તેઓ કહી શકતા નથી. તેઓ સ્વીકારે છે કે ફરિયાદીને ગંભીર ઈજા નહોતી અને આવી ઈજા વાહન પરથી પડી જવાથી અથવા કોઈ બોથડ પદાર્થ સાથે અથડાવાથી પણ થઈ શકે છે. તેઓ એ પણ સ્વીકારે છે કે માત્ર ઈજાઓ જોઈને, ફરિયાદીની હિસ્ટ્રી સિવાય, તે ઈજા માર મારવાથી જ

થઈ છે કે કેમ તે કહી શકતા નથી. આથી તબીબી પુરાવો એટલું દર્શાવે છે કે ફરિયાદીને સામાન્ય પ્રકારની ઈજા થઈ હતી; પરંતુ **આ ઈજા બંને આરોપીઓએ જ કરી હતી,** અથવા ફરિયાદમાં જણાવ્યા મુજબ ધોકાથી જ કરી હતી, તે બાબત તબીબી પુરાવાથી સાબિત થતી નથી.

**૨૨.** આંક–૨૧ ની ફરિયાદમાં ફરિયાદી દ્વારા બનાવ, આરોપીઓ તથા મારામારી અંગે આક્ષેપ કરવામાં આવેલ છે. ફરિયાદ મૂળ પુરાવાનો ભાગ તરીકે બનાવની હકીકતનો સ્વતંત્ર પુરાવો નથી; તેનો ઉપયોગ મુખ્યત્વે તેના લેખકની કોર્ટ જુબાનીને સમર્થન આપવા અથવા ખંડન કરવા માટે થાય છે. હાલના કેસમાં ફરિયાદમાં અને કોર્ટ જુબાનીમાં ઉપર દર્શાવેલ મહત્વના તફાવતો જોવા મળે છે.

**૨૩.** આંક–૧૫ નું સ્થળ પંચનામું પંચ સાક્ષીઓ દ્વારા સમર્થિત નથી. આંક–૩૧ નું આરોપીઓનું શરીરસ્થિતિ તથા મુદ્દામાલ કબજાનું પંચનામું પણ પંચ સાક્ષીઓ દ્વારા કાર્યવાહીરૂપે સમર્થિત નથી. તેમ છતાં માત્ર આ દસ્તાવેજો પોલીસ અધિકારી દ્વારા ઓળખાવવાથી તેમાંથી આરોપીઓની દોષિતતા સીધી રીતે સાબિત થતી નથી.

**૨૪.** આંક–૫૯ નું હથિયારબંધી અંગેનું જાહેરનામું રજૂ થયેલ છે. પરંતુ જાહેરનામું અસ્તિત્વમાં હતું તે હકીકત અને આરોપીઓએ તે જાહેરનામાનો ભંગ કર્યો તે બે અલગ બાબતો છે. ફરિયાદપક્ષે આરોપીઓએ કયા ચોક્કસ પ્રતિબંધનો ભંગ કર્યો, તે પ્રતિબંધ તેમના ઉપર લાગુ પડતો હતો, તેઓને તેની જાણ હતી અને તેમણે તે પ્રતિબંધનું ઉલ્લંઘન કર્યું હતું તે બાબત સ્વતંત્ર તથા નિશંક પુરાવાથી સ્થાપિત કરવી જરૂરી હતી. માત્ર આંક–૫૯ રજૂ થવાથી કલમ–૧૩૫(૧)ના તમામ આવશ્યક ઘટકો પૂર્ણ થયેલ માનવા યોગ્ય નથી.

**૨૫.** આંક–૬૮ ઈન્જરી સર્ટિફિકેટ, આંક–૬૯ કેસ પેપર્સ, આંક–૭૦ પોલીસ યાદી અને આંક–૭૧ એક્સ–રે રિપોર્ટ ફરિયાદીને ઈજા થયેલી હોવાની હકીકતને અમુક અંશે સમર્થન આપે છે; પરંતુ ઉપર ચર્ચા મુજબ આ દસ્તાવેજો ઈજાના કારણ તરીકે બંને આરોપીઓની ઓળખ સ્થાપિત કરતા નથી.

**૨૬.** આંક–૧૪, ૨૯ અને ૩૦ની પંચ સાક્ષીઓની જુબાની, આંક–૧૫નું સ્થળ પંચનામું અને આંક–૩૧નું શરીરસ્થિતિ તથા મુદ્દામાલ કબજાનું પંચનામું પણ ફરિયાદપક્ષની ઘટનાને સ્વતંત્ર રીતે સમર્થન આપતા નથી. આંક–૩૫, ૪૦, ૪૧ અને ૪૭ના સાક્ષીઓમાંથી કોઈ પણ બનાવનો પ્રત્યક્ષદર્શી નથી. આંક–૫૮ના તપાસ અધિકારીની જુબાની તપાસની પ્રક્રિયા દર્શાવે છે, પરંતુ તે પોતે બનાવનો પ્રત્યક્ષ પુરાવો નથી.

**૨૭.** કલમ–૩૨૩ના આરોપ માટે ફરિયાદીને વ્યથા પહોંચાડવામાં આવી હતી તે બાબત તબીબી પુરાવાથી સ્વીકારી શકાય તેવી છે. પરંતુ દોષિત ઠરાવવા માટે એટલું પૂરતું નથી. ફરિયાદપક્ષે એ પણ નિશંકપણે સાબિત કરવું પડે કે તે વ્યથા આરોપીઓએ સ્વેચ્છાપૂર્વક પહોંચાડી હતી.

**૨૮.** હાલમાં ફરિયાદીનો પુરાવો એકમાત્ર પ્રત્યક્ષ પુરાવો છે. તેમની જુબાનીમાં ફરિયાદમાં ન જણાવેલી અનેક મહત્વની વિગતો ઉમેરાયેલી છે. સ્વતંત્ર પ્રત્યક્ષદર્શી સાક્ષી ઉપલબ્ધ હોવા છતાં તપાસમાં તેમની તપાસ કરવામાં આવી નથી. તબીબી પુરાવો પણ આરોપીઓની ઓળખ અંગે કોઈ નિશ્ચિત સહાય કરતો નથી. પરિણામે, ફરિયાદીને ઈજા થઈ હોવાની હકીકત અને આરોપીઓએ જ તે ઈજા કરી હોવાની હકીકત વચ્ચેની આવશ્યક કડી નિશંકપણે સ્થાપિત થતી નથી.

આથી કલમ–૩૨૩નો આરોપ શંકાથી પર સાબિત થયેલ માનવો યોગ્ય નથી.

**૨૯.** કલમ–૫૦૪ હેઠળ આરોપીઓએ ફરિયાદીનું ઈરાદાપૂર્વક અપમાન કર્યું હોવું, તેનાથી ઉશ્કેરણી થઈ હોવી અને તે ઉશ્કેરણીથી જાહેર સુલેહ–શાંતિનો ભંગ થાય અથવા કોઈ ગુનો થાય તેવો ઈરાદો અથવા તેવી શક્યતાની જાણ હોવી આવશ્યક છે. હાલના કેસમાં ફરિયાદી પોતે સ્વીકારે છે કે ફરિયાદમાં કઈ ચોક્કસ ગાળો આપવામાં આવી હતી તે દર્શાવેલ નથી. કોર્ટમાં ગાળો અંગે કોઈ ચોક્કસ શબ્દો જણાવવામાં આવ્યા નથી. ફરિયાદમાં નોંધાયેલ ન હોય તેવી "જામનગરમાં રહેવું હોય તો અમારી સાથે સરખું રહેવું પડશે" જેવી વાત કોર્ટમાં ઉમેરવામાં આવી છે. આ પરિસ્થિતિમાં માત્ર સામાન્ય રીતે ગાળો આપવામાં આવી હોવાનું કહીને કલમ–૫૦૪ના તમામ આવશ્યક ઘટકો સાબિત થયેલ માનવા યોગ્ય નથી. અેથી કલમ–૫૦૪ હેઠળ પણ ફરિયાદપક્ષ નિશંક પુરાવો રજૂ કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**૩૦.** કલમ–૫૦૬(૨) માટે મૃત્યુ અથવા ગંભીર પ્રકારની નુકસાની કરવાની ધમકી સહિત ગુનાહિત ધમકીના તમામ ઘટકો સાબિત થવા જરૂરી છે. હાલના કેસમાં ફરિયાદી કોર્ટમાં "જામનગરમાં રહેવું હોય તો અમારી સાથે સરખું રહેવું પડશે" એવો સંવાદ જણાવે છે અને અન્યત્ર જાનથી મારી નાખવાની ધમકીનો આક્ષેપ છે; પરંતુ ફરિયાદમાં આવા ચોક્કસ શબ્દોનો ઉલ્લેખ નથી. તપાસ અધિકારી પણ સ્વીકારે છે કે ફરિયાદમાં આ ચોક્કસ ધમકીના શબ્દો લખાયેલા નથી. વધુમાં ફરિયાદી સ્વીકારે છે કે બનાવ બાદ આજદિન સુધી તેને કોઈએ ધમકી આપેલ નથી. આ હકીકત પોતે જ આરોપીને નિર્દોષ સાબિત કરતી નથી, પરંતુ કથિત ધમકીની ગંભીરતા અને વિશ્વસનીયતાનું મૂલ્યાંકન

કરતી વખતે સંબંધિત પરિસ્થિતિ છે. અ ેથી કલમ–૫૦૬(૨)ના આવશ્યક ઘટકો પણ નિશંકપણે સાબિત થયેલ નથી.

**૩૧.** કલમ–૧૧૪ માટે આરોપી દ્વારા દુષ્પ્રેરણ થયેલ હોવું અને દુષ્પ્રેરિત કૃત્ય બનતી વખતે આરોપીની હાજરી હોવી જરૂરી છે. હાલના કેસમાં બંને આરોપીઓએ ફરિયાદીને માર માર્યો હોવાનું મૂળ આક્ષેપ છે. પરંતુ મુખ્ય કૃત્ય જ નિશંકપણે સાબિત થયેલ નથી અને આરોપી નં.૧ તથા આરોપી નં.૨ની ચોક્કસ વ્યક્તિગત ભૂમિકા અંગે વિશ્વસનીય અને સ્વતંત્ર પુરાવો ઉપલબ્ધ નથી. આથી માત્ર સહઆરોપી તરીકે નામ હોવાના આધારે કલમ–૧૧૪ હેઠળ પણ દોષિત ઠેરવી શકાય નહીં.

**૩૨.** કલમ–૧૩૫(૧) માટે કાયદેસર પ્રતિબંધાત્મક હુકમનું અસ્તિત્વ, તે હુકમની લાગુ પડતી પરિસ્થિતિ અને આરોપીઓ દ્વારા જાણપૂર્વક તે હુકમનું ઉલ્લંઘન અથવા તેના ઉલ્લંઘનમાં મદદગારી, આ તમામ ઘટકો સાબિત થવા જરૂરી છે.

આંક–૫૯ થી જાહેરનામું રજૂ થયેલ હોવા છતાં ફરિયાદપક્ષના સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતાં આરોપીઓએ કયા પ્રતિબંધનો કઈ રીતે ભંગ કર્યો તેની નિશ્ચિત અને વિશ્વસનીય કડી સ્થાપિત થતી નથી. ફરિયાદીના પુરાવામાં પણ જાહેરનામાના ચોક્કસ પ્રતિબંધના ભંગ અંગે સ્પષ્ટ અને વિશ્વસનીય વર્ણન નથી. તેથી માત્ર જાહેરનામું રજૂ થયેલ હોવાથી કલમ–૧૩૫(૧) હેઠળનો ગુનો સાબિત થયેલ કહી શકાય નહીં.

**૩૩.** ફોજદારી કેસમાં ફરિયાદપક્ષ ઉપર આરોપીઓનો ગુનો શંકા થી પરે સાબિત કરવાની જવાબદારી છે. આરોપીઓને નિર્દોષ માનવાનો મૂળભૂત અનુમાન ત્યાં સુધી જળવાઈ રહે છે જ્યાં સુધી વિશ્વસનીય,

કાયદેસર અને નિશંક પુરાવાથી તે અનુમાન દૂર ન થાય. ફરિયાદપક્ષના પુરાવામાં રહેલી એવી વાજબી શંકાનો લાભ આરોપીઓને મળવો જરૂરી છે.

**૩૪.** હાલના કેસમાં ફરિયાદીને ઈજા થઈ હોવાની હકીકત તબીબી પુરાવાથી અમુક અંશે સમર્થિત છે, પરંતુ તેનાથી આરોપીઓ દ્વારા જ ઈજા પહોંચાડવામાં આવી હોવાની હકીકત આપોઆપ સાબિત થતી નથી. ફરિયાદીની જુબાનીમાં ફરિયાદ કરતાં મહત્વના સુધારા અને ઉમેરાઓ છે. સ્વતંત્ર પ્રત્યક્ષદર્શી પુરાવાનો અભાવ છે. પંચ સાક્ષીઓ પંચનામાઓને સમર્થન આપતા નથી. ફરિયાદીના નજીકના સાક્ષીઓમાંથી કોઈ પણ બનાવનો પ્રત્યક્ષદર્શી નથી. તપાસ અધિકારીએ બનાવસ્થળના ઉપલબ્ધ સ્વતંત્ર સાક્ષીઓના નિવેદનો લીધેલા નથી. તબીબી પુરાવો આરોપીઓની ઓળખ અથવા હુમલાની ચોક્કસ રીત અંગે નિશ્ચિત સમર્થન આપતો નથી.

**૩૫.** ખાસ કરીને, આંક–૬૭ ના ડોક્ટરનો પુરાવો માત્ર ઈજાની પ્રકૃતિ સુધી મર્યાદિત છે. ડોક્ટર કયા આરોપીએ કઈ ઈજા કરી તે કહી શકતા નથી અને ઈજા પડવાથી કે અન્ય બોથડ પદાર્થ સાથે અથડાવાથી પણ થઈ શકે તેવી સ્વીકૃતિ આપે છે. તેથી તબીબી પુરાવાથી ફરિયાદીની કોર્ટ જુબાનીમાં આવેલા મહત્વના તફાવતો દૂર થતા નથી.

**૩૬.** ફરિયાદપક્ષનો કેસ માત્ર એક સાક્ષીની જુબાની પર આધારિત રહી શકે છે, જો તે સાક્ષી સંપૂર્ણપણે વિશ્વસનીય હોય. પરંતુ હાલના કેસમાં ફરિયાદીની જુબાનીને ઉપરોક્ત દસ્તાવેજી તથા મૌખિક પુરાવાથી પૂરતું સ્વતંત્ર સમર્થન મળતું નથી અને તેમની ઉલટતપાસમાંથી ફરિયાદ સાથેના મહત્વના તફાવતો તથા તપાસમાં

રહેલી ખામીઓ પણ બહાર આવે છે. તેથી તેમની જુબાનીને એવી ગુણવત્તાનો અવિચલ અને નિશંક પુરાવો ગણાવી શકાય નહીં જેના આધારે ફોજદારી દોષિતતા સ્થાપિત કરી શકાય.

**૩૭.** આંક-૧૪, ૧૫, ૧૬, ૨૧, ૨૯, ૩૦, ૩૧, ૩૫, ૪૦, ૪૧, ૪૭, ૫૮, ૫૯, ૬૭, ૬૮, ૬૯, ૭૦ તથા ૭૧ સહિત રેકર્ડ ઉપરના સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું સંયુક્ત મૂલ્યાંકન કરતાં ફરિયાદપક્ષ આરોપીઓ નં.૧ અને ૨ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧)ના આવશ્યક ઘટકો શંકાથી પર સાબિત કરવામાં સફળ થયેલ નથી.

**૩૮.** ફોજદારી ન્યાયશાસ્ત્રનો સ્થાયી સિદ્ધાંત છે કે આરોપીની દોષિતતા અંગે માત્ર સંભાવના અથવા શંકા પૂરતી નથી. બે સંભવિત દષ્ટિકોણોમાં જો આરોપીને નિર્દોષ માનતો દષ્ટિકોણ રેકર્ડ પરના પુરાવાથી વાજબી રીતે શક્ય હોય, તો તેનો લાભ આરોપીને આપવો પડે. હાલના કેસમાં પુરાવાની સમગ્ર કડીમાં રહેલી ઉપરોક્ત ખામીઓ અને વિસંગતિઓને કારણે આરોપીઓની દોષિતતા અંગે વાજબી શંકા ઊભી થાય છે. આથી, મુદ્દા નં.૧નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે.

**૩૯. મુદ્દા નં.૨ :-**

ઉપરોક્ત ચર્ચા તથા કારણોને આધારે, આરોપી નં.૧ રીઝવાન રફીકભાઈ દાલ તથા આરોપી નં.૨ બસીર અલ્લારખા હાલા વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળના આરોપો ફરિયાદપક્ષ દ્વારા શંકાથી પર સાબિત થયેલ નથી. તેથી બંને

આરોપીઓને શંકાનો લાભ આપીને નિર્દોષ ઠેરવવા યોગ્ય છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

**(૧)** આથી, આરોપી (૧) રીઝવાન રફીકભાઇ દાલ, રહે. તારમામદ સોસાયટી રોજી સ્કુલ પાસે યુસુફભાઇ પાણવાળાની દુકાન પાસે, જામનગર, (૨) બસીર અલ્લારખા હાલા, રહે. કા.નાકા બહાર એસ.ટી.ડીવીઝન સામે, જુમમાભાઇ ખફીના મકાનમાં, જામનગરઓને આઈ.પી.સી. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**(૨)** અપીલ સમય બાદ, મુદ્દામાલ નો નાશ કરવો.

**(૩)** વધુમાં, આરોપીઓએ અગાઉ આપેલ જામીનખત રદ કરવા તથા સી.આર.પી.સી. કલમ–૪૩૭(ક) મુજબ અપીલ સમય સુધી રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના નવા અને સદ્ધર જામીન રજૂ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–૧૨મી, માહે–ઓગસ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

**(ડો.આર.વી.જૌહરી)**

**તારીખ :૧૨/૦૮/૨૦૨૬** **ત્રીજા એડિ.જયુડિ.મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**જામનગર.** **જામનગર.**

**જજ કોડ નંબર : જીજે ૦૧૬૦૨**

PPS